જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૯/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૮૬૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૦૬ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૫,૩૩૩/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૬૨/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>બીનવારસી શીશુ નુ ભુણ મળી આવ્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૬૩/૧૭</u>**

**શહેરકોટડા** : તા.૧૩/૯/૧૭ રાતનાં ૯/૪૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે અનિલ સ્ટાર્ચ મીલ ગેટ નંબર-૨ ની સામે મોના અસ્ટેટ વિશ્વકર્મા સ્ટીલ ઇન્ડસ્ટ્રી સામે રોડ ની સાઇડમાં કોઇ અજાણી સ્ત્રી એ પોતાના બાળકના જન્મને છુપાવવાના બદઇરાદે ભુણ ને જન્મ પહેલા કે જન્મ પછી ભુણ નો છુપી રીતે નીકાલ કરવાના હેતુથી મરણ ગયેલ હાલતમાં ત્યજી દિધેલ હોઇ, શહેરકોટડા પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી, આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**<u>ઘરફોડ ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૬૪/૧૭</u>**

**વાડજ** : નિતિન અમૃતભાઇ પટેલ (રહે,સમાધાન સોસાયટી, રામજી મંદીર રોડ રાણીપ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૯/૧૭ રાતના ૮/૦૦ થી તા.૧૪/૯/૧૭ સવારનાં ૯/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ગુજરાત વિધાપીઠ ની બાજુમાં આવેલ પોતાની ગૃહલક્ષ્મી ખાદી ગ્રામ ઉધોગ ભંડાર નામની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, દુકાનમાંથી સી.સી.ટી.વી. કેમેરા, ડી.વી.આર, ટેલીફોન EPDX બોક્ષ તથા રોકડા રૂપિયા ૪૬,૨૨૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.સુથાર ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૬૫/૧૭</u>**

**પાલડી** : જ્યોત્સનાબેન વા/ઓ નરેશભાઇ શાહ (ઉ.વ.૬૦)(રહે, સંમેત એપાર્ટમેન્ટ વિર પેથોલોજીની બાજુમાં જૈનનગર સોસાયટી પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૯/૧૭ બપોરના ૧/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જ્યોત્સનાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપીયા ૪૦,૦૦૦/-ખેંચી તોડી લઇ ગયા હતા.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી આર.ડી.ગોજીયા ચલાવે છે.

**ગાયકવાડ હવેલી** : રૂપલબેન વા/ઓ સંદિપભાઇ રાવલ (ઉ.વ.૪૬)(રહે,સ્વસ્તીક એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર, નારાયણનગર રોડ પાલડી) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૯/૧૭ રાતના ૧૦/૧૫ વાગ્યાનાં સુમારે એસ.ટી.ચાર રસ્તાથી પાલડી તરફ જતા રોડ ઉપર ખોડીયાર ટીમ્બર માર્ટ્સની દુકાન આગળ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક્ટીવા ઉપર આવેલ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષનાં આશરાનો) રૂપલબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપીયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**સાબરમતી** : ભાવેશકુમાર પ્રહલાદભાઇ પટેલ (ઉ.વ.૩૪)(રહે,બાલર્ક સ્ટેટસ, ગણેશદ્વાર બંગ્લોઝની સામે ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૯/૧૭ રાતના ૮/૩૦ વાગ્યાનાં સુમારે સાબરમતી ચેનપુર નાળીયામાં પોતાનુ મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન બે અજાણ્યા માણસોએ ભાવેશભાઇને ચાલુ મોટર સાયકલે અચાનક મોઢાના ભાગે લાકડીનો ફટકો મારી, ભાવેશભાઇનાં પાકીટમાંથી રોકડ રૂપીયા ૮,૦૦૦/- અને તેમનાં ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપીયા ૩૭,૦૦૦/- મત્તાની તોડી લુંટી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી શનાભાઇ ધુળાભાઇ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૬૬/૧૭</u>**

**વાડજ** : સવિતાબેન વા/ઓ ગોપાલભાઇ સોમૈયા (ઉ.વ.૫૦)(રહે,લીમડાવાળી ચાલી ગાંધીનગરનો ટેકરો જુના વાડજ) એ તા.૧૪/૯/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૯/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઉસ્માનપુરા અંડરબ્રીજ નો ઉસ્માનપુરા તરફનો ઢાલ ચડતા રોડ ઉપરથી પોતાના પતિ ગોપાલભાઇ જશરાજભાઇ સોમૈયા (ઉ.વ.૫૫) સાથે ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યો બાઇક ચાલક (જેના નામ-ઠામ કે નંબર મળેલ નથી તે) એ બાઇક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી ગોપાલભાઇને ટક્કર મારતાં, માથામાં ઇજા થતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૯/૧૭ સાંજનાં ૫/૦૦ વાગે ગોપાલભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.સુથાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.